# જાસપુર ગામમાં માર્ગદર્શન કાર્યક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના મહિલા કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન થી એક્ષટેન્શન એક્ટિવિટી સેલ દ્વારા દત્તક લીધેલ ગામ જાસપુરમાં તા.14-04-2023 ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે તા.15/04/2023 ના રોજ બહેનો માટે ગામની મહિલાઓને લગતી વિવિધ યોજનાઓના અનુસંધાનમાં “માર્ગદર્શન  કાર્યક્રમ” નું આયોજન કરવામાં આવ્યું.

ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. સોનલ ચૌધરીની ગ્રામ વિકાસ એજન્સી અને મહિલા બાળ વિકાસ અધિકારી સાથે થયેલ મીટીંગના અનુસંધાને તા.14-04-2023  ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે તા.15/04/2023 ના રોજ યુનિવર્સિટીના દત્તક લીધેલ ગામ જાસપુર મુકામે મહિલા માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના મહિલા સરપંચ નીતાબેન ઠાકોર, તલાટીશ્રી પરબતસિંહજી મહિલા ગ્રામ વિકાસ એજન્સીમાંથી TLM સુશ્રી રંજનબેન (તાલુકા લાઇવલી હુડ મેનેજર) , મહિલા બાળ વિકાસ વિકાસની કચેરીમાંથી સુશ્રી માધુરીબહેન રાવલ (ઇન્ચાર્જ- સખી વન સ્ટોપ સેન્ટર) તથા યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. સોનલ ચૌધરી (એક્ષટેન્શન સેલ) અને ગામની બહેનો હાજર રહેલ.

સખીમંડળ શરૂ કરવા માટેની પ્રાથમિક જરૂરિયાત, તે કેમ શરુ કરવા જોઈએ?, બહેનોને મળતી રોજગારી, સખી મંડળની કામગીરી વગેરે જેવી નાની-નાની બાબતો પર TLM રંજનબહેન દ્વારા માહિતી આપવામાં આવી.

માધુરી રાવલ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ચાલતી અલગ – અલગ યોજનાઓ વિશે તેના લાભ અને મર્યાદાઓ જેવી કે વ્હાલી દીકરી યોજના, કુંવરબાઈનું મામેરું, માતૃ વંદના યોજના વગેરે જેવી યોજનાઓની વિગતથી સમજૂતી તથા સખી-વન સ્ટોપ સેન્ટર શું છે ? અને તેનું કાર્ય શું છે ? તેની વિગતે માહિતી આપવામાં આવી.

ડૉ. પ્રિયાંકી વ્યાસ દ્વારા યુનિવર્સિટીના અભ્યાસક્રમોની વિગતોની સાથે સાથે ઇન્સેન્ટીવ ગાર્ગી સેન્ટરની અને શોર્ટ ટર્મ અભ્યાસક્રમ એવા સિવણ, બ્યુટી પાર્લર અને મહેંદીના ક્લાસ શરૂ કરવા માટે બહેનો સાથે ચર્ચા કરી

ગામના સરપંચશ્રી નીતાબેન અને તલાટીશ્રી પરબતસિંહજીએ મહિલાઓના ઉત્કર્ષના આવા દરેક કાર્યક્રમમાં સાથે રહીને એમને જાગૃત કરવા માટે પ્રોત્સાહન આપ્યું.

ડૉ. સોનલ ચૌધરી દ્વારા બહેનોને સંગઠિત થઈને કામ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સોનલ ચૌધરી દ્વારા કરવામાં આવેલ.